Extra No. 57

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] THURSDAY, MARCH 25, 2010/CAITRA 4, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

### PART IX

**Gujarati translation of Bills, Acts and Notification other than those published in other Parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર, ૨૫મી માર્ચ, ૨૦૧૦.

તારીખ ૨૫મી માર્ચ, ૨૦૧૦ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

**આઈ. એ. પરમાર,**
સરકારના સંયુક્ત સચિવ.

**GUJARAT ACT NO. 2 OF 2010.**

**THE GUJARAT EDUCATIONAL LAWS (AMENDMENT) ACT, 2010,**

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૧૦ના માર્ચ મહિનાની ૨૨મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**એચ.ડી.વ્યાસ,**
ગુજરાત સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 2 OF 2010.**
***AN ACT***

*further to amend the Bombay Primary Education Act, 1947 and the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972 and to repeal the Gujarat Compulsory Primary Education Act, 1961 so as to facilitate to implement the provisions of the Right of Children to Free and Compulsory Education Act, 2009.*

**સન ૨૦૧૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨**

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૦ના માર્ચ મહિનાની ૨૫મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

***મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા અને બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઈઓના અમલને સરળ બનાવવા માટે ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ રદ કરવા બાબત અધિનિયમ.***

આથી, ભારતના ગણરાજ્યના એકસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦ કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો. ૨. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે )માં, કલમ ૨માં,- સન ૧૯૪૭ના મુંબઈના ૬૧મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

(૧) ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(૭ક) "સમિતિ" એટલે કલમ ૨૩ હેઠળ રચાયેલી રાજય સ્ટાફ પસંદગી સમિતિ; ";

(૨) ખંડ (૧૦ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(૧૦ખ) "નિમ્નતર પ્રાથમિક શિક્ષણ" એટલે પહેલા ધોરણથી પાંચમા ધોરણ સુધીનું શિક્ષણ; ";

(૩) ખંડ (૧૫) ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

"(૧૫) " પ્રાથમિક શિક્ષણ" એટલે બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૨ના ખંડ (છ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધીનું પ્રારંભિક શિક્ષણ; "; સન ૨૦૦૯નો ૩૫મો.

(૪) ખંડ (૨૦) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(૨૦ક) " ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ" એટલે છઠ્ઠા ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ; ".

સન ૧૯૪૭ના મુંબઈના ૬૧મા અધિનિયમની કલમ ૨૩ બદલવા બાબત. ૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ને બદલે, નીચેની કલમ મૂકવીઃ-

પ્રાથમિક શિક્ષણ માટેની રાજય સ્ટાફ પસંદગી સમિતિની રચના. "૨૩. (૧) તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ અને અધિકૃત નગરપાલિકાઓ માટે, રાજય સરકાર નક્કી કરે તેટલી સભ્ય સંખ્યા ધરાવતી, રાજય સરકાર દ્વારા રચાયેલી એક રાજય સ્તરની સ્ટાફ પસંદગી સમિતિ રહેશે.

(૨) પ્રાથમિક શિક્ષણના નિયામક સમિતિના અધ્યક્ષ રહેશે અને પ્રાથમિક શિક્ષણના નાયબ નિયામક તેના સચિવ રહેશે.

(૩) સમિતિ, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, સુપરવાઈઝર, વિદ્યા સહાયક અને પ્રાથમિક શિક્ષક તરીકેની નિમણૂકો માટેના ઉમેદવારોની પસંદગી કરશે. ઉમેદવારોની પસંદગી રાજય સરકારે બહાર પાડેલી સૂચનાઓ અનુસાર કરવી જોઈશે.

(૪) સમિતિ, તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ અને અધિકૃત નગરપાલિકાઓ માટે પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલા સ્ટાફની પસંદગી પણ કરશે અને તેમના માંગણી-પત્રક મુજબ પસંદ કરાયેલા ઉમેદવારોના નામોની નિમણૂક માટે ભલામણ કરશે.

(૫) જિલ્લા શિક્ષણ સમિતિ અથવા અધિકૃત નગરપાલિકા અથવા યથાપ્રસંગ, વહીવટી અધિકારી, સમિતિએ આપેલ આદેશો અનુસાર આવી રીતે પસંદ કરાયેલા ઉમેદવારોની નિમણૂક કરશે.".

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

૪. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (જેનો આમાં હવે પછી, ''માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં,- (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨નો સુધારો.)

(૧)ખંડ (ભ)માં, ''આઠમા ધોરણથી'' એ શબ્દોને બદલે, ''નવમા ધોરણથી'' એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (કક)માં, ''ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ અને'' એ શબ્દો અને આંકડા કમી કરવા.

૫. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં, કલમ ૧૭માં, ખંડ (૧૭)માં, ''ધોરણ ૮'' એ શબ્દ અને આંકડાને બદલે, ''ધોરણ નવ'' એ શબ્દો મૂકવા. (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.)

૬. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં, કલમ ૩૫ને બદલે, નીચેની કલમ મૂકવી:- (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૫ બદલવા બાબત.)

શિક્ષકો અને આચાર્યો વગેરેની પસંદગી.

''૩૫. રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતિ, રાજ્ય સરકાર, વખતોવખત, નિયમોથી જાહેર કરે તેવી રહેશે.''.

સન ૨૦૦૯નો ૩૫મો. સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો. સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો. સન ૨૦૦૯નો ૩૫મો.

૭. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઈઓના અમલ માટે, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૬માં નિયત કરેલી મુદત સુધી કોઈપણ માધ્યમિક શાળામાં પ્રાથમિક શિક્ષણના ભાગ તરીકે આઠમા ધોરણમાં શિક્ષણ આપવાનું ચાલુ રાખવાની પરવાનગી આપી શકશે. (વચગાળાની જોગવાઈઓ.)

સન ૧૯૬૧નો ગુજરાતનો ૪૧મો અધિનિયમ રદ કરવા બાબત.

૮. ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧, આથી, રદ કરવામાં આવે છે. (સન ૧૯૬૧નો ગુજરાતનો ૪૧મો.)

---



સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.